પેન્શનરોના પેન્શનમાંથી પેન્શન કાપની રકમ
કાપવા બાબત.

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

વિમા અને લેખા ભવન,
બ્લોક નં.૧૭, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નંબરઃ-હિતિનિ/ટીસી/ફા.૧૩૪/૨૦૨૪/૪૫૦૪-૪૫૩૦તા.૨૪/૭/૨૦૦૯

પરિપત્ર ક્રમાંકઃ ૮/૨૦૦૯

નિવૃત્ત સરકારી કર્મચારી સામે ખાતાકીય તપાસના અંતે શિક્ષાના ભાગરૂપે તેઓને મળતા પેન્શનમાંથી પેન્શન કાપની શિક્ષા કરવામાં આવે છે. પેન્શનરને ચૂકવવામાં આવતા પેન્શનમાંથી પેન્શન કાપ કરવા અંગે તિજોરી અધિકારીઓ તરફથી માર્ગદર્શન માંગવામાં આવે છે. રાજયની તમામ તિજોરી કચેરીઓમાં એકસુત્રતા જળવાય તેથી પેન્શનરોના પેન્શન કાપ અંગે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરશો.

- નાણા વિભાગના તા.૧૫/૯/૦૫ના પત્રથી પેન્શન કાપ કઈ તારીખથી કરવો તથા ટી.આઈ. ચૂકવવા અંગે જરૂરી સ્પષ્ટતા કરવામાં આવેલ છે.
- ઉક્ત પત્રથી થયેલ સ્પષ્ટતા મુજબ પેન્શન કાપની શિક્ષાનો અમલ તિજોરી કચેરીઓ ખાતે પેન્શન કાપના આદેશની તારીખ ધ્યાને લઈ કરવાનો રહે છે.
- પેન્શન કાપ અંગે નીચે મુજબ કાર્યવાહી હાથ ધરશો.
  - **તા.૧/૪/૨૦૦૪ પહેલા થયેલ પેન્શન કાપના આદેશ :**
    - મૂળ મંજૂર થયેલ પેન્શનની રકમમાંથી પેન્શન કાપની રકમ બાદ કરી બાકીની રકમ પર મોંઘવારી / ૫૦% ડી.એ. મર્જની રકમ (તા.૧/૪/૦૪થી ) ચૂકવવાની રહે છે.
  - **તા.૧/૪/૦૪ થી તા.૩૧/૧૨/૦૫ દરમ્યાન થયેલ પેન્શન કાપના આદેશ:**
    - મૂળ મંજૂર થયેલ પેન્શનનની રકમમાં ૫૦% ડી.એ. મર્જ કરતાં આવેલ રકમમાંથી પેન્શન કાપની રકમ બાદ કરી બાકી રહેલ રકમ પર ટી.આઈ. ચૂકવવાની રહે છે.
  - **તા.૧/૧/૦૬ અને ત્યાર બાદ થયેલ પેન્શન કાપના આદેશ:**
    - તા.૧/૧/૦૬ના રોજ છઠ્ઠા પગારપંચ અન્વયે પેન્શન રીવીઝન કરી, રીવાઈઝડ પેન્શનની રકમમાંથી પેન્શન કાપની રકમ બાદ કરી, બાકી રહેલ રકમ પર ટી.આઈ. ચૂકવવાની રહે છે.

આપની કચેરી ખાતેથી પેન્શનરોને ચૂકવાતા પેન્શનના, પેન્શનકાપના તમામ કિસ્સા રીવ્યુ કરી, ઉક્ત જણાવ્યા મુજબ ઘટિત કાર્યવાહી હાથ ધરશો.

૨૩/૭/૦૯
નાયબ નિયામક

પ્રતિ,

૧. શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ..........................
૨. તિજોરી અધિકારીશ્રી, પેન્શન ચૂકવણા કચેરી, અમદાવાદ.
૩. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર